**ફિફા વર્લ્ડકપ 2026માં આજની મેચો**

| હરીફ ટીમો | તારીખ | સમય (ભારતીય) |
|---|---|---|
| પનામા vs ક્રોએશિયા | 24 જૂન | વહેલી સવારે 4.30 વાગ્યે |
| કોલંબિયા vs કોંગો | 24 જૂન | સવારે 7.30 વાગ્યે |

# મેસીનો વિક્રમી ગોલ, આર્જેન્ટિના નોકઆઉટમાં

**પહેલી** મેચમાં હેટ્રિક કરનારા મેસીએ ઓસ્ટ્રિયા સામેની 2-0ની જીતમાં બંને ગોલ કરીઆ વર્લ્ડકપમાં કુલ પાંચ ગોલ કર્યા

**મેસીએ** 38મી મિનિટે ગોલ કરીને વર્લ્ડકપમાં સર્વાધિક ગોલનો રેકોર્ડ બનાવ્યો, સ્ટોપેજ ટાઇમમાં વધુ એક ગોલ કર્યો



આર્લિંગ્ટન (ટેક્સાસ), તા. 23 : ફિફા વર્લ્ડકપમાં ગઈકાલે મોડી રાત્રે અહીં રમાયેલી એક મેચમાં લિયોનેલ મેસીએ વર્લ્ડકપમાં પોતાનો 17મો ગોલ કરીને સૌથી વધુ ગોલ કરવાનો નવો રેકોર્ડ બનાવ્યો અને તે પછી સ્ટોપેજ ટાઈમમાં વધુ એક ગોલ સાથે 18મો ગોલ કરતા ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાને ઓસ્ટ્રિયા સામે 2-0થી જીત અપાવી હતી.

મેસીનો વિક્રમી ઐતિહાસિક ગોલ મેચની 38મી મિનિટે આવ્યો હતો. ખાસ વાત એ છે કે આ ગોલ મેસીના 39મા જન્મદિવસના બે દિવસ પહેલા અને વતનમાં તેમના બીમાર પિતાની ચિંતા વચ્ચે આવ્યો હતો. મેસી સતત છઠ્ઠી વર્લ્ડકપ મેચમાં ગોલ કરીને ફ્રાન્સના સ્ટ્રાઈકર જસ્ટ ફોન્ટેન અને બ્રાઝિલના મહાન ખેલાડી જૈરઝિન્હોની ક્લબમાં સામેલ થઈ ગયો છે.

સોમવારે ઓસ્ટ્રિયા સામેની મેચની નવમી મિનિટે જ મેસી પાસે આ રેકોર્ડ તોડવાની સુવર્ણ તક હતી, પરંતુ તેઓ પેનલ્ટી કિક ચૂક્યો હતો. ઓસ્ટ્રિયા સામેની જીતની સાથે આર્જેન્ટિના તેની પ્રથમ બંને ગ્રુપ મેચ જીતીને નોકઆઉટ રાઉન્ડમાં પહોંચી ગયું છે, જેમાં મેસીએ તેના છઠ્ઠા વર્લ્ડકપમાં અત્યાર સુધી ટીમના તમામ પાંચ ગોલ કર્યા છે.

પ્રથમ હાફમાં જ્યારે થિયાગો અલ્માડાએ ફેકુંડો મેદિનાના પાસને જવા દીધો, ત્યારે બોલ સીધો આર્જેન્ટિનાના કેપ્ટન (મેસી)ના ડાબા પગ પર આશરે ૨૦ યાર્ડના અંતરે આવ્યો. મેસીએ શ્લેગરને થાપ આપીને બોલને ગોલપોસ્ટમાં મોકલી દીધો અને રેકોર્ડ પોતાના નામે કર્યો. તે પછી મેસીએ મેચના સ્ટોપેજ ટાઈમમાં પોતાનો 18મો વર્લ્ડકપ ગોલ કર્યો. ગોલકીપર એલેક્ઝાન્ડર શ્લેગરે પ્રથમ પ્રયાસને રોક્યા બાદ મેસીએ કેટલાક ડિફેન્ડર્સની વચ્ચેથી બોલને નેટમાં ધકેલી દીધો હતો.

## મેચ એક રેકોર્ડ અનેક : મેસીએ ઓસ્ટ્રિયા સામેની મેચમાં ઘણી સિદ્ધિ અંકે કરી

*ફિફા વર્લ્ડકપ 2026માં ઓસ્ટ્રિયા સામેની મેચ લિયોનેલ મેસીએ યાદગાર બનાવી દીધી હતી. તેણે આ મેચમાં બે ગોલ કર્યા તેની સાથે જ કેટલાક રેકોર્ડ તેના નામે સામેલ થયા હતા. તેમાં સર્વાધિક ગોલથી લઇને સર્વાધિક મેચ રમવા સુધીના કેટલાક રેકોર્ડ અહી આપવામાં આવ્યા છે.*

**18** ગોલ સાથે મેસી ફિફા વર્લ્ડકપના ઇતિહાસમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બની ગયો છે. ઓસ્ટ્રિયા સામેના તેના પહેલા ગોલ સાથે તેના કુલ ગોલ 17 થયા અને તે પછી વધુ એક ગોલથી તે કુલ 18 ગોલ સાથે તે 16 ગોલ કરનારા જર્મનીના મિરોસ્લાવ ક્લોઝથી બે ગોલ આગળ થયો હતો.

**18** વર્લ્ડકપ મેચ જીત સાથે સર્વાધિક છઠ્ઠો વર્લ્ડકપ રમી રહેલો મેસી ટુર્નામેન્ટના ઇતિહાસમાં સૌથી વધુ જીત મેળવનાર ખેલાડી બન્યો છે. ટીમની જીતના ભાગ રૂપે તેણે જર્મની માટે 17 મેચ રમનારા મિરાસ્લોવ ક્લોઝને જ પાછળ છોડ્યો છે.

**6** મેચમાં સતત ગોલના અન્ય એક રેકોર્ડમાં પણ મેસીએ પોતાનું નામ સામેલ કરાવ્યું છે. તેણે 2022ના કતાર વર્લ્ડકપની છેલ્લી ચાર મેચ અને 2026 એડિશનની પ્રથમ બે મેચમાં ગોલ કર્યો છે. ફ્રાન્સના જસ્ટ ફોન્ટેન અને બ્રાઝિલના જૈરઝિન્હો પછી, તે આ સિદ્ધિ મેળવનાર ફક્ત ત્રીજો ખેલાડી છે.

**2489** મિનિટ સાથે મેસી ફિફા વર્લ્ડકપમાં મેદાન પર સૌથી વધુ મિનિટો ગાળનાર ખેલાડી બન્યો છે. છ વર્લ્ડકપ દરમિયાન તેણે મેદાન પર ગાળેલી આ કુલ મિનિટમાં આ વર્લ્ડકપમાં હજુ ઉમેરો થતો રહેશે.

**28** મેચ સાથે મેસી ફિફા વર્લ્ડ કપમાં સૌથી વધુ મેચ રમનારો ખેલાડી પણ બન્યો છે. 2006થી ફિફા વર્લ્ડકપમાં ડેબ્યુ કર્યા પછી 2026 દરમિયાન તેણે આર્જેન્ટીના વતી કુલ છ વર્લ્ડકપમાં તેણે આ તમામ મેચ રમી છે અને તેમાં હજુ વધારો થશે.

# એમબાપ્પેના બે ગોલથી ઇરાકને હરાવી ફ્રાન્સ રાઉન્ડ ઓફ 32માં

**વર્લ્ડકપમાં** સર્વાધિક ગોલ મામલે એમ્બાપ્પે મિરોસ્લાવ ક્લોઝની બરાબરીએ મેસીથી બે ગોલ પાછળ



ફિલાડેલ્ફિયા, તા. 23 : ફિફા વર્લ્ડકપમાં પ્રથમ વરસાદી વિઘ્ન વચ્ચે સોમવારે ઇરાકને 3-0થી હરાવીને નોકઆઉટ સ્ટેજમાં પ્રવેશ કરી લીધો છે. આ મેચમાં કિલીયન એમ્બાપ્પેએ બે ગોલ કરીને વર્લ્ડકપ કરિયરમાં સૌથી વધુ ગોલ કરનારા ખેલાડીઓની યાદીમાં 16 ગોલ સાથે સંયુક્ત રીતે બીજું સ્થાન મેળવ્યું છે. ફ્રાન્સ વતી ઓસ્માન ડેમ્બેલેએ પણ એક ગોલ કર્યો હતો, જેનાથી ફિલાડેલ્ફિયાની વરસાદી રાત્રે સ્ટેડિયમમાં રોકાયેલા પ્રશંસકો ખુશ થઈ ગયા હતા.

એમ્બાપ્પેએ 14મી અને 54મી મિનિટે ગોલ કરીને પોતાની 100મી આંતરરાષ્ટ્રીય મેચને યાદગાર બનાવી હતી.એમ્બાપ્પેના પ્રથમ ગોલથી ફ્રાન્સ હાફ-ટાઇમ સુધી 1-0થી આગળ હતું. તે સમયે ભારે વરસાદ અને વાવાઝોડાને કારણે રમત બે કલાકથી વધુ સમય માટે રોકવી પડી હતી, અને ગ્રાઉન્ડ સ્ટાફને લિંકન ફાઇનાન્સિયલ ફીલ્ડના કાદવવાળા ઘાસ પરથી પાણી હટાવવાની ફરજ પડી હતી. હવામાન ગમે તેવું હોય, પણ આ મેચ એમ્બાપ્પેના નામે રહી. તે વર્લ્ડ કપમાં સૌથી વધુ ગોલ કરવાના મામલે નવા રેકોર્ડ હોલ્ડર લિઓનેલ મેસીનો પીછો કરી રહ્યો છે. પોતાનો ત્રીજો વર્લ્ડ કપ રમી રહેલા 27 વર્ષીય એમ્બાપ્પેએ જર્મનીના મિરોસ્લાવ ક્લોઝના ગોલના રેકોર્ડની બરાબરી કરી લીધી છે અને બ્રાઝિલના મહાન ખેલાડી રોનાલ્ડોથી એક ગોલ આગળ નીકળી ગયો છે.

એમ્બાપ્પે એ બોક્સની ધાર પરથી પોતાના નબળા ગણાતા ડાબા પગથી શાનદાર સ્ટ્રાઈક કરીને ટૂર્નામેન્ટનો પોતાનો ત્રીજો ગોલ કર્યો હતો. બીજા ગોલ માટે એમ્બાપ્પેને ઇરાકના ડિફેન્ડર ઝૈદ તહસીનની ભૂલનો ફાયદો મળ્યો, જેણે ગોલકીપરને નબળો પાસ આપ્યો હતો. ડેમ્બેલેએ બોલ પર નિયંત્રણ મેળવી એમ્બાપ્પે તરફ પાસ કર્યો, જેને એમ્બાપ્પેએ જમણા પગથી ગોલમાં ફેરવી દીધો હતો. એમ્બાપ્પે પાસે હેટ્રિક કરવાની તક હતી, પરંતુ તે ચૂકી ગયો હતો અને 90મી મિનિટે તેની જગ્યાએ બીજા ખેલાડીને મેદાનમાં લાવવામાં આવ્યો હતો.

# અલ્જીરિયાએ 2014 પછી વર્લ્ડકપમાં પહેલી જીત મેળવી

**પહેલા** હાફમાં એક ગોલથી પાછળ રહ્યા પછી બીજા હાફમાં બે ગોલ કરીને અલ્જીરિયાએ નોકઆઉટની આશા જીવંત રાખી

**પહેલો** ગોલ ગુમાવ્યા પછી અલ્જીરિયા મેચ જીત્યું હોય તેવું વર્લ્ડકપ ઇતિહાસમાં પહેલીવાર બન્યું, જોર્ડન બહાર



સાન્ટા ક્લેરા તા. 23 : ફિફા વર્લ્ડકપમાં આજે મંગળવારે સવારે રમાયેલી એક મેચાં પ્રથમ હાફમાં એક ગોલથી પાછળ રહેલા અલ્જીરિયાએ બીજા હાફમાં બે કોર્નર કિક પર ગોલ કરીને શાનદાર વાપસી કરીને જોર્ડનને 2-1થી હરાવીને 2014 પછી વર્લ્ડકપમાં પોતાની પ્રથમ જીત મેળવવાની સાથે વર્લ્ડકપના નોકઆઉટ રાઉન્ડમાં પહોંચવાની પોતાની આશાઓ જીવંત રાખી છે.

જોર્ડને પ્રથમ હાફમાં નિઝાર અલ રશદાનના ગોલની મદદથી વર્લ્ડકપના ઈતિહાસમાં પહેલીવાર સરસાઇ મેળવી હતી, પરંતુ બીજા હાફમાં તેઓ અલ્જીરિયાના સતત દબાણને સહન કરી શક્યા નહોતા. બીજા હાફમાં સબસ્ટીટ્યુટ તરીકે આવેલા નાધિર બેનબુઆલીએ 69મી મિનિટે કોર્નર કિક પર હેડર દ્વારા ગોલ કર્યો હતો, જ્યારે અમીન ગુઈરીએ 82મી મિનિટે મેચ વિનિંગ ગોલ કરીને અલ્જીરિયાને 2014 પછી વર્લ્ડકપમાં તેની પ્રથમ જીત અપાવી હતી. વર્લ્ડકપના ઈતિહાસમાં આ પ્રથમ વખત બન્યું છે જ્યારે અલ્જીરિયા પહેલો ગોલ ગુમાવ્યા બાદ પણ મેચ જીત્યું હોય. આ પહેલા આવી સ્થિતિમાં અલ્જીરિયાએ સાત મેચ ગુમાવી હતી અને બે મેચ ડ્રો રહી હતી.

# હાલેન્ડના બે ગોલથી સેનેગલને 3-2થી હરાવી નોર્વે નોકઆઉટમાં

**હાલેન્ડે** છેલ્લી 12 ઇન્ટરનેશનલ મેચમાં કુલ 24 ગોલ કરતા તેના નામે 52 મેચમાં 59 ગોલ બોલે છે

**પોતાની** પહેલી બે વર્લ્ડકપ મેચમાં ચાર ગોલ કરનાર હાલેન્ડ કેન પછી માત્ર પહેલો ખેલાડી બન્યો



ઈસ્ટ રધરફોર્ડ, તા. 23 : વર્લ્ડકપમાં આજે મંગળવારે વહેલી સવારે રમાયેલી એક મેચમાં એર્લિંગ હાલેન્ડે બે ગોલ કરીને આ વર્લ્ડકપમાં પોતાના કુલ ગોલની સંખ્યા ચાર પર પહોંચાડીને સેનેગલ સામે નોર્વેની ૩-૨થી જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ જીતની સાથે નોર્વે રાઉન્ડ ઓફ 32માં પ્રવેશી ગયું છે.

ઈજાગ્રસ્ત સાથી ખેલાડીના સ્થાને આવેલા માર્ક્સ પેડરસને 43મી મિનિટે ગોલ કરીને નોર્વેને સરસાઇ અપાવી. ત્યારબાદ હાલેન્ડે પોતાની શાનદાર ગોલ કરવાની સફર ચાલુ રાખતા 48મી અને 58મી મિનિટે ગોલ કરીને ટીમને 3-1ની સરસાઇ અપાવી હતી. પહેલા ગોલમાં તેણે માર્ટિન ઓડેગાર્ડના પાસ પર દોડીને ડાબા પગથી શોટ મારીને ગોલકીપર એડૌર્ડ મેન્ડીના લંબાયેલા ડાબા હાથની બાજુમાંથી બોલ પસાર કરી દીધો. આ આક્રમક કાઉન્ટર-એટેકથી નોર્વે 2-0થી આગળ થયું હતું. બીજા ગોલ માટે, હાલેન્ડે ડિફેન્સને ચીરીને આગળ વધી આઠ યાર્ડના અંતરેથી પેટ્રિક બર્ગના પાસ પર પોતાના નબળા જમણા પગથી વોલી શોટ મારી ગોલ કર્યો. સેનેગલ તરફથી ઈસ્માઈલા સારે 53મી મિનિટે અને બીજા હાફના સ્ટોપેજ ટાઈમની ત્રીજી મિનિટે એકમાત્ર ગોલ કર્યો હતો. હાલેન્ડે પોતાની છેલ્લી 12 ઈન્ટરનેશનલ મેચોમાં 24 ગોલ કર્યા છે અને તેની 52 ઈન્ટરનેશનલ મેચોમાં કુલ 59 ગોલ થઈ ગયા છે. ૨૫ વર્ષીય સ્ટ્રાઈકર પોતાની પ્રથમ બે વર્લ્ડકપ મેચોમાં બે-બે ગોલ કરનાર છેલ્લા 50 વર્ષમાં ઈંગ્લેન્ડના હેરી કેન પછીનો એકમાત્ર ખેલાડી બન્યો છે.

# ફ્રાન્સ-ઈરાકની મેચ હવામાનને કારણે રોકાયેલી ફિફા વર્લ્ડકપની પહેલી મેચ બની

**ગાજવીજ** સાથે ભારે વરસાદ અને તોફાની પવનને કારણે ફ્રાન્સ-ઇરાકની મેચમાં બે કલાકનો વિલંબ થયો



ફિલાડેલ્ફિયા, તા. 23 (એપી) : ગાજવીજ સાથેના ભારે વરસાદ અને તોફાની પવનને કારણે ગઈકાલે સોમવારે ફ્રાન્સ અને ઈરાક વચ્ચેની વર્લ્ડકપ મેચમાં હાફ-ટાઇમ દરમિયાન બે કલાક કરતાં વધુ સમયનો વિલંબ થયો હતો. આ આખી ટૂર્નામેન્ટમાં વરસાદના કારણે થયેલો પ્રથમ વિલંબ હતો, અને પાછલા કેટલાક દાયકાઓમાં આ પહેલીવાર બન્યું છે જ્યારે વર્લ્ડકપની કોઈ મેચને ખરાબ હવામાનને કારણે અધવચ્ચેથી રોકવી પડી હોય.

આ વિલંબની જાહેરાત સ્થાનિક સમય મુજબ સાંજે છ વાગ્યાના થોડી મિનિટો પહેલા કરવામાં આવી હતી અને રાત્રે આઠ વાગ્યે મેચ ફરી શરૂ થઈ હતી. હાફ-ટાઇમ સુધીમાં ફ્રાન્સ 1-0થી આગળ હતું ત્યારે જ સ્કોરબોર્ડ પર મેસેજ બતાવીને લિંકન ફાઈનાન્શિયલ ફીલ્ડ સ્ટેડિયમમાં હાજર દર્શકોને સ્ટેડિયમના સુરક્ષિત અને છતવાળા વિસ્તારોમાં આશરો લેવા જણાવાયું હતું, તેમજ ચેતવણી આપવામાં આવી હતી કે ભારે તોફાન આવી રહ્યું છે.

# માનવ સુથારે સમરસેટ સામે કાઉન્ટી મેચમાં સાત વિકેટ લીધી

ટાઉન્ટન, તા. 22 : ઉભરતા ભારતીય સ્પિનર માનવ સુથારે સમરસેટ સામેની ઈંગ્લિશ કાઉન્ટી ચેમ્પિયનશિપ મેચમાં વોરવિકશર માટે પાંચ વિકેટ સહિત મેચમાં કુલ સાત વિકેટ લઈને ચમકારો બતાવ્યો હતો. બે કાઉન્ટી મેચ રમવા માટે વોરવિકશાયર સાથે કરારબદ્ધ થયેલા સુથારે પ્રથમ ઈનિંગમાં 18 ઓવરમાં 50 રન આપીને બે વિકેટ લીધી હતી. તેણે યોર્કશર સામે કાઉન્ટી ડેબ્યૂમાં કુલ ચાર વિકેટ પણ લીધી હતી. આ મહિનાની શરૂઆતમાં અફઘાનિસ્તાન સામે ટેસ્ટ ડેબ્યૂમાં 10 વિકેટ લેનાર સુથારને ટેસ્ટ ફોર્મેટમાં ભારતનો ભવિષ્ય માનવામાં આવે છે. તેણે પોતાના ટૂંકા કાઉન્ટી ચેમ્પિયનશિપ અભિયાનનો અંત બે મેચમાં 11 વિકેટ સાથે કર્યો.

ટાઉન્ટન ખાતે ચાલી રહેલી મેચમાં, સુથારે પહેલી ઈનિંગમાં બંને પૂંછડીયાને આઉટ કર્યા. સુથારે બેટિંગમાં ૨૮ રનનું યોગદાન આપ્યું હતું, તેણે પહેલી મેચમાં ૩૩ અને ૩૭ રન પણ બનાવ્યા હતા.

**IPL 2027 પહેલા સૌથી મોટી અદલાબદલી**

# ઋષભ પંતની ઘરવાપસી, કુલદીપ યાદવ LSGમાં જોડાશે

**પંત** રૂ. 12 કરોડના ફી ઘટાડા સાથે 15 કરોડમાં દિલ્હી સાથે ફરી જોડાશે

**કુલદીપ** યાદવ 25 લાખના વધારા સાથે રૂ. 13.50 કરોડમાં LSGમા જોડાશે

નવી દિલ્હી, તા. 23 : ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) 2027 પહેલા ઋષભ પંત અને કુલદીપ યાદવની ફ્રેન્ચાઇઝી ટીમો બદલાઇ છે. દિલ્હી કેપિટલ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે સૌથી મોટો ટ્રેડ થયો છે. ઘણા સમયથી ક્રિકેટ વર્તુળોમાંચાલી રહેલા આ અહેવાલોની આજે આઈપીએલે સત્તાવાર રીતે પુષ્ટિ કરી. પંત 15 કરોડ રૂપિયામાં દિલ્હી પરત ફરશે, જ્યારે કુલદીપને એલએસજી દ્વારા 13.5 કરોડ રૂપિયામાં કરારબદ્ધ કરવામાં આવ્યો છે.

લખનૌ સુપર જાયન્ટ્સ સાથે બે વર્ષ રહ્યા બાદ, ઋષભ પંત તેની માજી ટીમ, દિલ્હી કેપિટલ્સમાં પાછો ફર્યો છે. તેણે 2016 માં ડીસી સાથે તેની કારકિર્દીની શરૂઆત કરી હતી. કુલદીપ યાદવ, જે 2022 થી દિલ્હી માટે રમી રહ્યો છે, તે લખનૌમાં જોડાશે. આઈપીએલ 2027 પહેલા આ લીગનો સૌથી મોટો વેપાર કરાર ગણી શકાય, કારણ કે બંને ખેલાડીઓ આઈપીએલ અને ભારતીય ક્રિકેટ બંનેના સ્ટાર્સમાંના એક છે.

આઈપીએલે જાહેરાત કરી છે કે ઋષભ પંતે દિલ્હી કેપિટલ્સ સાથે 15 કરોડમાં કરાર કર્યો છે. 2025ની હરાજીમાં, એલએસજીએ તેના માટે 27 કરોડની બોલી લગાવી, જેનાથી તે ઇતિહાસનો સૌથી મોંઘો ખેલાડી બન્યો. આનો અર્થ એ થયો કે પંતે 12 કરોડ ગુમાવ્યા છે. દરમિયાન, કુલદીપ યાદવના પગારમાં 25 લાખનો નો વધારો થયો છે. 2026માં, દિલ્હી કેપિટલ્સે તેને 13.25 કરોડ ચૂકવ્યા. લખનૌમાં જ્યારે એલએસજીમાં તેને 13.50 કરોડ મળશે.

# IPL ટ્રાન્સફર વિન્ડો : KKR અને રાજસ્થાન રોયલ્સને હાર્દિકમાં રસ

**કેકેઆર** ગત સિઝનના અંતમાં જ મુંબઇ ઇન્ડિયન્સના અધિકારીઓનો સંપર્ક કર્યો હતો અને હાલમાં ફરી એકવાર સંપર્ક કર્યો

**રાજસ્થાન** રોયલ્સ સાથે મુંબઇ ઇન્ડિયન્સની હાર્દિક પંડ્યાની બદલીમાં યશસ્વી જયસ્વાલને ટ્રેડ કરવાની ઓફરના અહેવાલ



નવી દિલ્હી, તા. 23 (પીટીઆઈ) : હાર્દિક પંડ્યા અને મુંબઈ ઈન્ડિયન્સ અલગ થવાના છે ત્યારે હાર્દિકને શાહરૂખ ખાનની સહ-માલિકીની કોલકાતા નાઈટ રાઈડર્સ અને રાજસ્થાન રોયલ્સ તરફથી સંભવિત ટ્રેડ માટે ઓછામાં ઓછી બે ઓફર મળી છે.

આઈપીએલના એક સૂત્રએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે નાઈટ રાઈડર્સના ટોચના મેનેજમેન્ટ અને મુંબઈ ઈન્ડિયન્સના માલિકો વચ્ચે ખેલાડીઓની આપ-લે અંગે ઘણી ચર્ચાઓ થઈ છે. હાર્દિકની મુંબઈ ઈન્ડિયન્સમાં વાપસી એક રોલર-કોસ્ટર રાઈડ રહી છે અને તેની કેપ્ટનશીપ હેઠળ, ટીમ ફક્ત એક જ વાર પ્લેઓફમાં પહોંચવામાં સફળ રહી છે.

સૂત્રએ જણાવ્યું કે અજિંક્ય રહાણે હંમેશા કેકેઆર માટે એક સ્ટોપગેપ વ્યવસ્થા હતો અને આ સિઝન પછી તેને રિલીઝ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. કેકેઆરના ટોચના અધિકારીઓએ ગયા સિઝનના અંતમાં મુંબઈ ઈન્ડિયન્સના માલિકોનો સંપર્ક કર્યો હતો, પરંતુ તે સમયે રિલાયન્સની વાર્ષિક સામાન્ય સભા થવાની હતી, તેથી આઈપીએલ ટ્રેડ તેમની ટોચની પ્રાથમિકતા નહોતી.

સૂત્રએ ઉમેર્યું કે જોકે, એ વાત સામે આવી છે કે કેકેઆરે ફરીથી મુંબઈ ઈન્ડિયન્સના ઉચ્ચ અધિકારીઓનો સંપર્ક કર્યો છે અને આ સંદર્ભમાં ચર્ચાના કેટલાક રાઉન્ડ પણ થયા છે. એ વાત ચોક્કસ છે કે જો હાર્દક કેકેડ ડીલ અથવા ખેલાડીઓની અદલાબદલી દ્વારા કેકેઆરમાં જાય છે, તો તેને કેપ્ટનશીપ મળી શકે છે કારણ કે રિંકુ સિંહ હાલમાં યોગ્ય પસંદગી નથી લાગતી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું મુંબઈની ટીમ સ્ટાર ભારતીય ઓલરાઉન્ડર માટે રોકડમાં સોદો ઈચ્છે છે કે ખેલાડીની અદલાબદલી ઈચ્છે છે, ત્યારે સૂત્રએ તેની પુષ્ટિ કરી ન હતી. એમઆઈ તરફથી બીજી ઓફર યશસ્વી જયસ્વાલ અને પંડ્યા વચ્ચેના ટ્રેડની હોવાનું જાણવા મળે છે, પરંતુ કોઈ ખાતરીપૂર્વક કહી શકતું નથી કે વાતચીત આગળ વધી છે કે નહીં.

# ભારતીય ટીમમાં પસંદગી એ સપનુ સાકાર થવા જેવું : વૈભવ સૂર્યવંશી

**ટીમની** જર્સી પર પોતાનું નામ જોઇને વૈભવ ભાવુક થયો, જર્સી પર વૈભવનો નંબર 03




નવી દિલ્હી, તા. 23 : ટીનએજ બેટિંગ સનસનાટી વૈભવ સૂર્યવંશીએ જણાવ્યું છે કે ભારતીય ટી- ટીમમાં પસંદગી થવી એ તેના કરિયરનું અત્યાર સુધીનું સૌથી મોટું પગલું છે અને આ ખુશીને વ્યક્ત કરવા માટે તેની પાસે શબ્દો નથી.

બીસીસીઆઇ દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા એક ટૂંકા વીડિયોમાં સૂર્યવંશીએ કહ્યું કે શબ્દો આ લાગણીને સમજાવી શકતા નથી. જે સપના સાથે મેં પહેલા જ દિવસથી હાથમાં બેટ પકડ્યું હતું અને ક્રિકેટ ગ્રાઉન્ડ પર પ્રેક્ટિસ શરૂ કરી હતી, આજે તે સપનું પૂરું થયું છે.

આ ડાબોડી બેટ્સમેન ૨૬ અથવા ૨૮ જૂને બેલફાસ્ટમાં આયર્લેન્ડ સામે પોતાની આંતરરાષ્ટ્રીય કરિયરની શરૂઆત કરી શકે છે. જો તે આયર્લેન્ડ કે ઈંગ્લેન્ડ સામે મેદાન પર ઉતરશે, તો તે મહાન ક્રિકેટર સચિન તેંડુલકરનો 16 વર્ષ અને 205 દિવસની વયે ડેબ્યુનો રેકોર્ડ તોડીને ભારત તરફથી રમનારો સૌથી યુવા ઈન્ટરનેશનલ ક્રિકેટર બની જશે.

પોતાના નામવાળી ભારતીય ટીમની ટી-શર્ટ મેળવવાની પળને યાદ કરતા સૂર્યવંશીએ ઉત્સાહ સાથે કહ્યું કે જ્યારે મેં પહેલીવાર એ ટી-શર્ટ જોઈ, ત્યારે મને લાગ્યું કે હું કોઈ સપનું જોઈ રહ્યો છું. મારા ચહેરા પરનું સ્મિત રોકાતું નહોતું. ક્યારેક એવું બને છે જેની તમે કલ્પના પણ ન કરી હોય, અને જ્યારે એ હકીકત બને છે ત્યારે તમને ખબર નથી પડતી કે કેવી પ્રતિક્રિયા આપવી. વૈભવને ટી શર્ટ પર 03 નંબર ફળવાયો છે અને તે નંબર તેની માતાની સલાહથી તેણે પસંદ કર્યો છે.

**મહિલા ટી-20 વર્લ્ડકપ**

# શાર્પ-હેલિડેએ સ્કોટલેન્ડ સામે ન્યૂઝીલેન્ડને જીતાડ્યું

**ડાર્સિ** કાર્ટરની નોટઆઉટ અર્ધસદીથી સ્કોટલેન્ડે 131 રન બનાવ્યા

**ન્યુઝીલેન્ડ** શાર્પ-હેલિડેની ભાગીદારીથી જીત્યું

બ્રિસ્ટલ, તા. 23 (પીટીઆઈ) : મહિલા ટી-20 વર્લ્ડકપની આજે મંગળવારે અહીં રમાયેલી કરો યા મરો ગ્રુપ 2 મેચમાં કેપ્ટન મેલી કેરના સ્પિન જાદુ અને ત્યારબાદ ઈઝી શાર્પ અને બ્રુક હેલિડેની શતકીય ભાગીદારીની મદદથી ડિફેન્ડિંગ ચેમ્પિયન ન્યુઝીલેન્ડે સ્કોટલેન્ડને છ વિકેટથી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશવાની આશા જીવંત રાખી.શ્રીલંકા અને વેસ્ટ ઈન્ડિઝ સામેની હાર બાદ ટુર્નામેન્ટમાંથી વહેલા બહાર થવાના ભયનો સામનો કરી રહેલી ન્યુઝીલેન્ડની ટીમે 132 રનના લક્ષ્યાંકનો પીછો કરતા 26 રનમાં ત્રણ વિકેટ ગુમાવી હતી. શાર્પે 43 બોલમાં આઠ ચોગ્ગા, એક છગ્ગાની મદદથી 62 રન કરવા ઉપરાંત નોટઆઉટ 41 રન કરનારી હેલિડે સાથે ચોથી વિકેટ માટે 101 રનની ભાગીદારી કરીને ટીમને 18.2 ઓવરમાં ચાર વિકેટે 132 રન સુધી પહોંચાડવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ જીત સાથે, ન્યુઝીલેન્ડ ચાર મેચમાં ચાર પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ઈંગ્લેન્ડ અને વેસ્ટઈન્ડિઝ પછી ત્રીજા સ્થાને છે.

અગાઉ, સ્કોટલેન્ડે યુવા ઓપનર ડાર્સી કાર્ટરના 52 બોલમાં નોટઆઉટ 72 રનની મદદથી સાત વિકેટે 131 રન બનાવ્યા હતા.ન્યૂઝીલેન્ડ તરફથી મેલી સૌથી સફળ બોલર રહી, તેણે પોતાના લેગ સ્પિનથી 17 રન આપીને ત્રણ વિકેટ લીધી. સોફી ડિવાઈને પણ 19 રન આપીને બે વિકેટ લીધી.

# જર્મન ડિફેન્ડર સ્લોટરબેક ઈજાને કારણે વર્લ્ડકપમાંથી બહાર

વિન્સ્ટન-સેલેમ, તા. 22 : જર્મનીના ડિફેન્ડર નિકો સ્લોટરબેક પગની ઘૂંટીની ઈજાને કારણે વર્લ્ડ કપમાંથી બહાર થઈ ગયો છે. શનિવારે આઈવરી કોસ્ટ સામેની 2-1ની જીત દરમિયાન તેને આ ઈજા થઈ હતી. રવિવારે થયેલા ટેસ્ટમાં જાણવા મળ્યું કે તે ઘણા મહિનાઓ સુધી બહાર રહી શકે છે.

# FIH પ્રો લીગમાં ભારતે પાકિસ્તાનને 4-3થી હરાવ્યું

લંડન, તા. 23 (પીટીઆઈ) : ભારતીય પુરુષ હોકી ટીમે કટ્ટર હરીફ પાકિસ્તાન સામે છેલ્લા દાયકાની અજેય શ્રેણી ચાલુ રાખીને એફઆઈએચ પ્રો લીગના લંડન લેગની શરૂઆત 4-3થી કરી. જોકે, જો તેઓએ અંતિમ ક્વાર્ટરમાં બે ગોલ ન ગુમાવ્યા હોત તો વિજયનો માર્જિન વધુ સારો હોત.

પ્રો લીગ સ્ટેન્ડિંગમાં છેલ્લા ક્રમે રહેલા પાકિસ્તાને નદીમ અહેમદના ગોલને કારણે આઠમી મિનિટે સરસાઈ મેળવી હતી. બીજા ક્વાર્ટરમાં ભારતે 22મી મિનિટે ફિલ્ડ ગોલ કરીને બરાબરી કરી હતી અને નીલકંતા શર્માએ 24મી મિનિટે પેનલ્ટી કોર્નરને ગોલમાં રૂપાંતરિત કરીને ભારતને સરસાઇ અપાવી હતી. હાફટાઈમ સુધી ભારત 2-1થી આગળ હતું.

ત્રીજા ક્વાર્ટરમાં, સુખજીત સિંહે 40મી મિનિટે ફિલ્ડ ગોલ કરીને ભારતની સરસાઇ 3-1 સુધી વધારી દીધી. ચોથા ક્વાર્ટરમાં, રાજિન્દર સિંહે 52મી મિનિટે પેનલ્ટી કોર્નરથી ભારતનો ચોથો ગોલ કરીને વિજય નિશ્ચિત કર્યો હતો. તે પછી પાકિસ્તાનના મહમૂદ અબુએ 53મી અને શકીલ મોઈને 60મી મિનિટે પેનલ્ટી કોર્નરને ગોલમાં રૂપાંતરિત કરીને ભારતની જીતનું અંતર ઘટાડ્યું.